# પાલનપુર એલસીબી પોલીસ દ્વારા નકલી નોટોનું રેકેટ ઝડપાયુ

પાલનપુર, તા. ૭

આજકાલ સમગ્ર ગુજરાતમાં ડુપ્લીકેટ ચલણી નોટોનું પ્રમાણ વધતું હોય તેમ એક પછી એક બનાવોમાં નકલી નાણું સામે આવુતં જાય છે. ત્યારે છેલ્લા ૨ દિવસમાં બે અલગ અલગ કિસ્સામાં ૪ લાખથી વધુની નકલી ચલણી નોટો ઝડપાઈ ચુકી છે. જો કે આ મુદે બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા ગતરાત્રીએ ડુપ્લીકેટ કરન્સીનું કૌભાંડ ઝડપ્યું છે. તેમજ ૨ આરોપીઓની પણ અટકાયત કરી છે. તાજેતરમાં જ આઈએસઆઈએસ દ્વારા ભારતીય બજારમાં આવેલી બેંકોના એટીએમ સુધી ડુપ્લીકેટ નાણું ઘુસાડાયાનો ઉલ્લેખ થવા પામ્યો છે. ત્યારે બનાસકાંઠાના ડીસામાં જલારામ મંદિર પાસેથી ગત મોડી રાત્રીએ જિલ્લા પોલીસને મળેલી પૂર્વ બાતમીને આધારે રૂપિયા ૨૪ લાખ સાથે ૨ આરોપીને ઝડપી લેવાયા છે. પ્રાથમિક તબક્કે આરોપીઓની તલાશી લેતા ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બિલકુલ અસલી નોટ જેવી જ ડુપ્લીકેટ નોટ હોવાનું પ્રાથમિક દષ્ટીએ પોલીસમ માટે પણ મુશ્કેલ હતું જો કે પોલીસની બાતમીની સત્યતા પર વિશ્વાસ રાખી આગળ વધતા બેંક અધિકારીઓને સાથે રાખી ઝડપાયેલા ૪ લાખની તપાસ શરૂ કરી હતી. જેમાંથી ૩ લાખથી વધુની નોટ નકલી હોવાનું ખુલ્યુ હતુ. જો કે પોલીસ દ્વારા બંને આરોપીઆને પાલનપુર લાવી વધુ તલાશી લેતા ૩ લાખ ૮૦ હજારની ડુપ્લીકેટ ચલણી નોટો ઝડપી હતી. પોલીસ દ્વારા રૂપિયા ૫૦૦ના દરની ૭૦૦ થી વધુ નોટ અસલી નોટથી અલગ તારવી લેવાઈ હતી.

## ૩.૮૦ લાખની નકલી નોટો સહીત ૨૪ લાખ સાથે ૨ આરોપીઓ ડીસાથી ઝડપાયા : પોરબંદરથી નકલી નોટો લવાઈ હતી

### આંગડીયા પેઢી મારફતે નકલી નોટોનું નેટવર્ક

નકલી ચલણી નોટોનું આંગડીયા પેઢી મારફતે હેરાફેરી થતી હોવાનું પર્દાફાશ થયો છે. અસલી નોટોની સાથે નકલી ચલણી નોટોને ભારતીય ચલણમાં વ્યવસ્થિત રીતે ઘુસાડવાનું ષડયંત્ર બહાર આવ્યું છે. આંગડીયામાં મોટી રકમ મંગાવી તેમાં નકલી નોટોનું મિશ્રણ કરી ફરી આંગડીયા મારફતે તેમના સાગરીતોને પૈસા પાછા આપી દેતા હતા. આરોપીઓએ ભારતીય અર્થતંત્રને ખોખલુ બનાવવા નકલી નોટો ઘુસાડવાનો પ્લાન કર્યો હતો.



એક તરફ દેશમાં દરરોર ડુપ્લીકેટ નોટો થકી દેશના અર્થતંત્ર પર ગંભીર ખતરો મંડરાઈ રહ્યો છે ત્યારે આજે બનાસકાંઠા જેવા પછાત અને સરહદી જિલ્લામાંથી એક સાથે આટલો મોટો ડુપ્લીકેટ ચલણી નોટો ઝડપાયાને પગલે જિલ્લા પોલીસ સહીત વહીવટીતંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જો કે જિલ્લા પોલીસની સતર્કતાથી ડુપ્લીકેટ નોટ સાથે પોલીસે પોરબંદર દિવ્યેશભાઈ અને પાટણના કીરીટસિંહ નામના ૨ આરોપીઓની અટકાયત કરી વધી તપાસ હાથ ધરી છે. આરોપી કિરીટસિંહ પોરબંદર ખાતે આંગડિયા પેઢીમાં નોકરી કરે છે. તે પોરબંદરથી નકલી નોટો લઈ વતનમાં અગાઉના પ્લાન મુજબ નેટવર્ક ચલાવતો હતો. ભારત દેશના અર્થતંત્રને તોડવા માટે ઈન્ટરનેશનલ એજન્સીઓના સતત પ્રયાસો ચાલી રહ્યા છે. ત્યારે ગુજરાતના આંતરરાષ્ટ્રીય સરહદી બનાસકાંઠા જિલ્લામાંથી ઝડપાયેલા ડુપ્લીકેટ કરન્સીનો રેલો આવનારા સમયમાં કેટલાય મોટા નામ બહાર લાવે તો નવાઈ નહિ.

## પોશીનામાં કરિયાણાની દુકાનમાંથી ૫૦ હજારની મત્તા ચોરાઈ

પોશીના, તા. ૭

પોશીનાના મુખ્ય બજારમાં આવેલ એક કરિયાણાની દુકાનમાંથી બુધવારે રાત્રે અજાણ્યા શખ્સો અડદ, તલ સહિત અન્ય ચીજવસ્તુઓ મળી રૂ. ૫૦ હજારની મત્તાની ચોરી કરી ગયા હતા. જે અંગેની ફરિયાદ શુક્રવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. પોશીનાના મુખ્ય બજારમાં આવેલ ફકીર મહંમદભાઈ મેમણની કરિયાણાની દુકાનમાંથી બુધવારે રાત્રે અજાણ્યા શખ્સો પાંચ બોરી અડદ, એક બોરી તલ સહિત અન્ય ચીજવસ્તુઓ મળી રૂ. ૫૦ હજારની મત્તા ચોરી કરી ગયા હતા. જે અંગે ફકીર મહંમદભાઈ મેમણે શુક્રવારે પોશીના પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# ધાનેરામાં અખાદ્ય ઘીનો ખુલ્લેઆમ વેપલો

## તંત્રની ચુપકિદીથી સ્થાનિક લોકોમાં સર્જાયેલ તર્ક-વિતર્ક : શુદ્ધ ઘીના નામે ભેળશેળ યુક્ત ઘી અપાતું હોવાની બૂમરાડ : પ્રજાના આરોગ્ય સાથે ચેડાં

પાલનપુર, તા. ૭

ધાનેરા તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી ખુલ્લેઆમ વેપારીઓ બનાવટી ઘી લોકોને પધરાવી રહ્યા હોવા છતાં તંત્રના પેટનું પાણી પણ હલતુ નથી અને લોકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. ધાનેરા રાજસ્થાનને અડીને આવેલ તાલુકો હોવાથી બનાવટી ઘી ધાનેરાના બજારમાં રોજેરોજ ઉતરી રહ્યું છે. થોડા દિવસ અગાઉ ધાનેરા પોલીસે બ્રાન્ડેડ કંપનીના ઘી ના ડબ્બાઓ સાથે મારૂતીવાન ગાડી જપ્ત કરી હતી અને તેના કોઈપણ પ્રકારના સેમ્પલ લીધા વગર બારોબારીયુ કરીને જવા દેતા લોકોમાં પોલીસ પ્રત્યે પણ રોષની લાગણી જોવા મળી રહી છે. ત્યારે બે દિવસ પહેલા પણ ધાનેરાના કેટલાક અધિકારીઓએ રાજસ્થાન જતી એક ગાડીને રોકી તપાસ કરીને પકડી હતી અને તેમાં પણ પ્રખ્યાત બ્રાન્ડની કંપનીના ઘીના ૫૦ મોટા ડબ્બાઓ મળી આવ્યા હતા. અને તેમાં પણ બારોબારીયું કર્યું હોવાના સમાચાર મળી રહ્યા છે. દુકાનદારો તેને ઓરીજનલ ઘી બતાવીને અભણ લોકોને ઠગી રહ્યા છે. જે બાબતની રજુઆતો અગ્રણી લોકોએ તંત્રને વારંવાર કરી છે પરંતુ કયા કારણોસર પગલાં લેવામાં આવતા નથી તે ચર્ચાનો વિષય બન્યો છે. હાલમાં એક બ્રાન્ડ દ્વારા પૂજાનું ઘી પ્રજા માટે વપરાતું ઘી તેવું સ્લોગન લખીને બજારમાં ઘી મુક્યું છે. ખરેખર જો આ ઘી ખાવા લાયક પણ નથી તો પણ વેપારીઓ લોકોને આ ઘી શુદ્ધ ઘી હોવાનું જણાવી પધરાવી રહ્યા છે. આ અંગે રાયચંદજી ઠાકોરે જણાવ્યું હતું કે, હું ઘી લેવા દુકાને ગયો ત્યારે દુકાનદારે મને જણાવેલ કે આતો પુજા માટે ઘી વપરાય છે તે ખાવાના ઘી કરતાં પણ શુદ્ધ છે પરંતુ જ્યારે ઘરે જઈને તપાસ કરી ત્યારે તે ખાવાના લાયક પણ ન હતુ. ઉલ્લેખનીય છે કે, પ્રજાના આરોગ્ય સાથે થતાં ચેડા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતાં સ્થાનિક લોકોમાં તરેહ-તરેહની ચર્ચાઓ સાંભળવા મળે છે.

આ બાબતે પુરવઠા ના. મામલતદાર મકવાણાને પુછતાં જણાવેલ કે ઘીનો મામલો અમારામાં આવતો નથી તે મામલો ફુડ વિભાગમાં આવતો હોય છે જેથી તેમાં અમો કશુ કરી શકતા નથી. જ્યારે ધાનેરા ખાતે પાલિકાના પણ ફુડ વિભાગ નથી જેથી લોકોને જવું તો ક્યાં જવું તે પ્રશ્ન બન્યો છે. જેથી આ તમામ વિભાગના અધિકારીઓ પણ એકબીજાને ખો આપી રહ્યાં છે. તો ખરેખર તેની તપાસ કોણ કરશે તે લોકોમાં પ્રશ્ન બન્યો છે. તપાસમાં ઉદાસીનતા શા માટે ? અગાઉ પણ ધાનેરામાંથી મોટી માત્રામાં વારંવાર બનાવટી ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તેમજ ડીસામાંથી પણ તાજેતરમાં જ મોટો જથ્થો જપ્ત કરાયેલ તો ધાનેરામાં કેમ આ બાબતે તપાસ કરવામાં આવતી નથી તેમજ ધાનેરાથી રાજસ્થાનમાં પણ બનાવટી ઘીનો જથ્થો મોકલવામાં આવી રહ્યો હોવાનું પણ જાણવા મળેલ છે.

## હિંમતનગરમાંથી ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

હિંમતનગર, તા. ૭

હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તારમાં ગુરૂવારે સવારે એસઓજીએ વાહન ચેકીંગ દરમિયાન જેશન સુનીલકુમાર મહેતા (રહે. મહેતાપુરા)ને બાઈક સાથે ઉભા રાખી તેમની પાસેથી તેના દસ્તાવેજ માગ્યા હતા. પરંતુ તેઓ દસ્તાવેજ રજુ ન કરતા પોલીસે તેમની બાઈક સાથે ધરપકડ કરી લીધી હતી. પુછપરછ દરમિયાન જેશન મહેતાએ આ બાઈક સામ્રાજ્ય દાલબાટી પાછળ આવેલ પાર્ટી પ્લોટના પાર્કિંગમાંથી ચોરી કર્યુ હોવાનું કબુલ્યું હતું.

## વડવાસા પાટીયા પાસેથી વિદેશી દારૂ ભરેલ બીનવારસી કાર મળી



પ્રાંતિજ, તા.૭

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ તાલુકાના વડવાસા પાટીયા પાસેથી દારૂ ભરેલ બીન વારસી કાર મળી આવી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ વડવાસા પાટીયા પાસે બુધવારના રોજ ફરજ બજાવતા પોલીસને જોઈ સફેદ કલરની કાર આરજે-૨૭સીએ ૩૭૦૩ બપોરના સમય વડવાસા પેટ્રોલ પંપ નજીક પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે દારૂ ભરેલ કાર કારચાલક રોડની સાઈડમાં મુકીને ભાગી ગયો હતો જયારે પોલીસને શંકા જતા કારમાં તપાસ કરતા કારમાંથી વિદેશી કંપનીનો ૧૫૨૪૦૦ રૂપિયાનો દારૂ બોટલ નંગ ૪૦૮ અને ત્રણ લાખની કાર સહિત ૪૫૨૪૦૦નો મુદ્દામાલનો કબજો લઈ પ્રાંતિજ પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દિપાવલી પર્વ ચૂંટણીના રંગે રંગાશે

### સરકારી કર્મચારીઓના પ્રવાસના આયોજન ખોટા પડ્યા

મોડાસા, તા. ૭

રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર કરતાં સૌનુ આયોજન ઉધુ પડી ગયું છે. હાલ તો સરકારી અને રાજકીય કચેરીમાં ચૂંટણીનો માહોલ જોવા મળ્યો છે. દિપાવલીના તહેવારના ટાણે જ ચૂંટણીનો માહોલ જામતાં દિપાવલી પર્વો ચૂંટણીના રંગે રંગાશે તેવું લાગી રહ્યું છે. સરકારી કર્મચારીઓએ દિવાળી વેકેશનમાં સહ પરીવાર પ્રવાસનું આયોજન કરી દીધુ હતુ. પરંતુ ચૂંટણીઓ જાહેર થતાં કર્મચારીઓના આયોજન ખોરવાઈ ગયા છે. જયારે ખરા અર્થમાં દિવાળીના પર્વો ચાલુ થશે ત્યારે જ સરકારી કચેરીઓમાં ફોર્મ ભરવા માટે ઉમેદવારોના ટોળા ઉમટશે જેના લીધે દિવાળીના માહોલમાં કચેરીઓ ઉભરાતી જોવા મળશે. ફોર્મ ભરવાથી માંડી છેક મતગણતરી સુધી દિવાળીનો માહોલ ચૂંટણીના રંગે રંગાશે.



### ઉજાસના પર્વની તૈયારીઓ

અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો તહેવાર એટલે દિવાળી. દિવાળીના તહેવારને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે બજારમાં દિપ પ્રગટાવા માટે કોડિયા વેચાવવા માટે આવી ગયા છે. આજના કોમ્પ્યુટર યુગમાં પણ પ્રાચીન સંસ્કૃતિની પરંપરાથી ચાલી આવતા કોડિયાની ખરીદી કરી લોકો પોતાના જીવનમાં ઉજાસ પાથરશે.

# સોશિયલ મિડીયાના યુગમાં શુભેચ્છા કાર્ડનું ચલણ ઘટ્યુ

મોડાસા, તા. ૭

ઉજાસ અને રંગોનો પર્વ એટલે દિવાળી. ભારતભરમાં દિવાળીના તહેવારને પારંપરીક પરંપરા, આતશબાજી, મિષ્ટાન તેમજ શુભેચ્છા પાઠવીને કરવામાં આવે છે. વર્ષો પહેલા જ્યારે ઈન્ટરનેટ અને સોશિયલ મિડીયાનો યુગ નહોતો ત્યારે લોકો સગા સંબંધીઓ, મિત્રો અને સ્નેહીજનોને દિવાળીના થોડાક દિવસો પહેલા લાગણીસભર શુભેચ્છા કાર્ડ લખી દિવાળીની શુભકામનાઓ આપવામાં આવતી હતી. હાલના ઈન્ટરનેટ અને વોટસઅપ, ફેસબુક, ટ્વીટર જેવા સોશિયલ મિડીયાના યુગમાં શુભેચ્છા કાર્ડ, પોસ્ટકાર્ડ ખુણામાં ધકેલાઈ ગયા છે. હાલના સમયમાં પણ દિપાવલીના સમયે સગા





સંબંધીઓ, મિત્રોને શુભેચ્છા પાઠવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. પરંતુ સમય જતાં શુભેચ્છા પાઠવવાના માધ્યમોમાં ઘણો મોટો ફેરફાર જોવા મળ્યો છે. અગાઉના સમયમાં કુદરતી દશ્યો, દેવી દેવતાના ચિત્રોવાળા શુભેચ્છા કાર્ડ મોકલી લોકો એકબીજાને શુભેચ્છા પાઠવતા હતા. જ્યારે હાલના સમયમાં વોટસઅપ, ફેસબુક, ટ્વીટર જેવા સોશિયલ મિડીયાના માધ્યમથી શુભેચ્છા પાઠવવામાં આવે છે. સોશિયલ મિડીયાના આક્રમણના લીધે હાલ શુભેચ્છા કાર્ડના વ્યવસાયમાં મંદીની અસર જોવા મળી છે. જોકે કેટલીક દુકાનો પર લટકાવેલા શુભેચ્છા કાર્ડ જોઈ કેટલાય લોકો પોતાનો ભુતકાળ વાગોળતા જણાઈ રહ્યા હતા.



## ખેડબ્રહ્મા એસ.બી.આઈ.માં પેન્શનર્સ મીટ યોજાઈ

ખેડબ્રહ્માની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં નગરના પેન્શનર્સની મીટીંગ શુક્રવારે યોજાઈ હતી. જેમાં પેન્શનર્સ સમાજના પ્રમુખ કિર્તિકુમાર જોષી સહીત મોટી સંખ્યામાં નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગમાં બેંક મેનેજર એચ.બી. કોઠારીએ પેન્શનર્સને મળતા લાભો વિશે માહિતી આપી હતી. બેઠકના અંતે આભારવિધિ સંકેત ત્રિવેદીએ કરી હતી.

## રણાસણમાં સામાન્ય બાબતે ઝઘડો થતાં બે વિરૂદ્ધ ફરિયાદ

ઈડર તાલુકાના રણાસણથી ઉમેદવુરા જવાના રસ્તા ઉપર ગુરૂવારે સમલાપુર ગામે રહેતા રોહિતકુમાર પુરૂષોત્તમદાસ પટેલ સાથે બારડ દરજણસિંહ તથા બારાડ અજયસિંહ નવલસિંહે અગમ્ય કારણોસર હુમલો કરી માથામાં તથા હાથે ઈજા પહોંચાડી હતી અને ગડદાપાટુનો માર મારી જાહેરનામાનો ભંગ કરતા બંને જણા વિરૂદ્ધ રોહિતકુમાર પટેલે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ડુંગળીની કિશોરીને ભગાડી જતા એક વિરૂદ્ધ ફરિયાદ

ઈડર તાલુકાના ડુંગળી ગામે રહેતા જીતાભાઈ શિવાભાઈ ખાંટની દીકરી ભૂમિકાબેન (ઉં.વ.૧૭)ને પોશીના ગામના કિરીટભાઈ સોનાભાઈ ઠાકરડા ચારેક માસ અગાઉ લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા જીતાભાઈ ખાંટે કિરીટભાઈ ઠાકરડા વિરૂદ્ધ ગુરૂવારે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## માથાસુલિયા પ્રાથમિક શાળાના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ

માથાસુલિયા પ્રાથમિક શાળા, તા. મોડાસા જિ. અરવલ્લીના ધોરણ ૫ થી ૮ ના બાળકોને તાલુકા કક્ષાએથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મુલાકાત લેવડાવવામાં આવી હતી. તા. ૨૭-૧૦-૨૦૧૫ના રોજ યોજવામાં આવેલા આ શૈક્ષણિક મૂલ્ય વિકાસ પ્રવાસમાં બાળકોને ગણિત-વિજ્ઞાન પ્રદર્શન પણ બતાવવામાં આવ્યું હતું. સાથે સાથે પોલીસ સ્ટેશન, ન્યાયમંદિર અને સબજેલની મુલાકાત લેવડાવી તેમની કામગીરીથી પરીચિત કરવામાં આવ્યા હતા. બાળકોને આ પ્રવાસ દરમિયાન ખૂબ જ જાણવા મળ્યું હતું. શાળાના ઉ.શિ. શ્રી રણજીતકુમાર વણકર તથા જયેશભાઈ પટેલે આ એક દિવસીય મુલાકાત પ્રવાસને સફળ બનાવ્યો હતો.

## શ્રી અરવિંદ નિરંજન હંસા લાલભાઈ ફાઉન્ડેશન દ્વારા ખેડબ્રહ્મા કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

ખેડબ્રહ્માના અરવિંદ નિરંજન હંસા લાલભાઈ ફાઉન્ડેશન દ્વારા આર્ટસ અને કોમર્સ કોલેજ ખેડબ્રહ્માના બી.એ., બી.કોમ. અને એમ.એ.ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રા. હિનાબેન ભોજકે વેદગાનથી કરી હતી. આચાર્ય એન.ડી. પટેલે મહેમાનોને આવકાર્યા હતા. એ પછી સંસ્થાના અધ્યક્ષ સંવેગ લાલભાઈએ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સંવેગભાઈ અને કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મણીભાઈ હ. પટેલે તેમના ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને તેમની શક્તિનો ઉપયોગ સ્વ અને સમાજના વિકાસ માટે કરવા પ્રેરણા આપી.

## હિંમતનગર નગરપાલિકાની ચૂંટણીમાં વિકાસમંચ સક્રિય

હિંમતનગર, તા. ૭

હિંમતનગર પાલિકાના નવ વોર્ડની ૩૬ બેઠકો માટે પ્રસિદ્ધ થયેલા જાહેરનામા બાદ રાજકીય ગરમાવો આવી ગયો છે ત્યારે આ વખતે નગરપાલિકાની ચૂંટણીમાં વિકાસમંચ ચૂંટણી લડવા માટેની કવાયત હાથ ધરી છે. જેના કારણે ભાજપ અને કોંગ્રેસમાં સળવળાટ શરૂ થતાની સાથે જ મુશ્કેલીઓ ઉભી થઈ છે.

આ અંગે વિકાસમંચના એક અગ્રણીના જણાવ્યા અનુસાર હિંમતનગર પાલિકામાં પ્રમાણિક અને પ્રજાના હિતોની રક્ષા કરવા માટે વિકાસમંચે પોતાના ઉમેદવારો ઉભા રાખવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જોકે હાલના તબક્કે ભાજપ અને કોંગ્રેસમાં કયા વોર્ડમાં કેવા ઉમેદવારો ઉભા રાખવામાં આવે છે તે તપાસ કર્યા બાદ વિકાસમંચ પોતાના ઉમેદવાર ઉભા રાખશે. બીજી તરફ ભાજપ અને કોંગ્રેસમાં વિકાસમંચ પાલિકાની ચૂંટણીમાં ઝંપલાવશે તો તેના કારણે કેટલાક વોર્ડના પરિણામો પર અસર થવાની શક્યતા નકારી શકાતી નથી. જો કે વિકાસમંચ ચૂંટણીમાં કોને ફાયદો કરાવશે તે તો સમય જ બતાવશે.